# શિક્ષણમાં નવી પોલીસી લાવ્યા, પણ બજેટ ઘટાડ્યું !

પહેલી ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારે બજેટ રજુ કર્યું. શેર બજારમાં ઘોડાપૂર આવ્યું. દર વર્ષે બજેટ પછી જે ચર્ચાઓ થાય છે તેટલી ચર્ચાઓ આ વખતે ના કરી વિરોધ પક્ષોએ કે ના કરી પ્રજાએ. સૌ એ સ્વીકારી લીધું ! એમાં પણ શિક્ષણ વિષયક બજેટની ચર્ચા તો ભાગ્યે જ થાય છે. જે બતાવે છે કે વિરોધ પક્ષ, સમાજ અને શિક્ષણકારો શિક્ષણની કેટલી ચિંતા કરે છે. આ વર્ષે ૨૦૨૧-૨૨નું શિક્ષણ માટે ફાળવેલ બજેટ સૌ શિક્ષણ હિતેચ્છુઓને આંચકો આપનાર નીવડ્યું. શિક્ષણકારોએ જે અપેક્ષા રાખી હતી તે અપેક્ષા તો પરિપૂર્ણ ના થઇ. પણ શિક્ષણ માટે બજેટમાં ઘટાડો કરવામાં આવ્યો, જે બાબતે સૌને ચોંકાવી દીધા અને નિરાશ કર્યા એમ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી.

ભારતમાં અત્યાર સુધી શિક્ષણ માટે કુલ ચાર પોલીસી ૧૯૬૮, ૧૯૮૬, ૧૯૯૨ અને ૨૦૨૦માં આવી. ૧૯૬૮ થી જ પોલીસી ઘડનાર અને શિક્ષણનું હિત વિચારનાર દરેકની અપેક્ષા હતી અને છે કે, શિક્ષણમાં જીડીપીના કુલ ૬ ટકા જેટલું બજેટ ફાળવવું. પણ આપણા સૌના કમનસીબ કે અત્યાર સુધી એક પણ સરકારે જીડીપીના ૦૬ ટકા જેટલું બજેટ ફાળવ્યું નથી ! અત્યારે આપણે ૦૪ ટકા આસપાસ બજેટ ફાળવીએ છીએ. જે દેશો જીડીપીના ૦૬ ટકાથી વધુ બજેટ ફાળવે છે તે દરેક દેશમાં શિક્ષણ ગુણવત્તાયુક્ત અપાય છે, સાક્ષરતા સૌ ટકા છે, ટૂંકમાં તે દેશો શૈક્ષણિક રીતે ઘણાં આગળ છે. છેલ્લા બાવ્વન વર્ષથી આપણે જીડીપીના ૦૬ ટકા બજેટનું લક્ષ્ય રાખ્યું છે, જે હજુ પ્રાપ્ત થયું નથી અને સૌ વર્ષ પછી પ્રાપ્ત થશે કે કેમ એ પણ હવે તો શંકા ઉપજાવે છે. ગત વર્ષે આપણું શિક્ષણનું બજેટ ૯૯,૩૦૦ કરોડ હતું. જેમાં ૫૯,૮૪૫ કરોડ શાળા શિક્ષણ માટે હતા, તો ૩૯,૪૬૬ કરોડ ઉચ્ચશિક્ષણ માટે હતા. આ વર્ષના બજેટમાં કેન્દ્ર સરકારે વધારો કરવાના બદલે ઘત્દાડો કરીને ૯૩,૨૨૪ કરોડની માંગણી કરી છે, જેમાંથી ૫૪,૮૭૩ કરોડ શાળા શિક્ષણ માટે અને ૩૮,૩૨૫ ઉચ્ચશિક્ષણ માટે છે. આમ કેન્દ્ર સરકારે આ વખતે શાળા અને ઉચ્ચશિક્ષણ બન્નેના બજેટમાં ઘટાડો કર્યો છે ત્યારે સ્વાભાવિક છે કે શિક્ષણહિત ચિંતકોને તે પસંદ ના જ પડે. મોઘવારી અને શિક્ષણના લક્ષ્યાંક વધતા જાય છે, પણ બજેટ ઘટે છે. કેન્દ્ર સરકાર એક બાજુ નવી પોલીસી લાવવાની વાત કરે છે, જેમાં ખર્ચ વધુ જ થવાનો છે,. બીજી બાજુ બજેટ ઘટાડે છે જે બાબત સરકારની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા સામે સવાલો ઊભા કરે છે. હા, આ વખતમાં બજેટમાં કેટલીક બાબતો સારી છે, પણ તેનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. જેમકે, સમગ્ર દેશમાં ૧૫,૦૦૦ જેટલી મોડેલ શાળાઓ ખોલવામાં આવશે. જે નવી પોલીસીને ધ્યાનમાં રાખીને કામ કરશે. ૧૦૦ સૈનિક શાળાઓ ત્રિપલ પી ધોરણે ખોલવામાં આવશે. ૭૫૦ જેલી એકલવ્ય નિવાસી શાળાઓ આદિવાસી વિસ્તારોમાં ખોલવામાં આવશે. ઉત્તર ભારત લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે. ઉપરાંત શિક્ષક તાલીમ અને મૂલ્યાંકન, સ્કીલ ડેવલોપમેન્ટ, ડિજીટલ શિક્ષણ વગેરે માટે કેટલાક લક્ષ્યાંક રાખ્યા છે. લક્ષ્યાંક સારા છે, પણ જેટલાં છે તેટલા પૂરતા નથી, સાથે ધારેલા લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે જરૂરી બજેટ ફાળવ્યું નથી. જે શિક્ષણની ગુણવત્તા અને વિકાસ માટે અવરોધરૂપ ગણી શકાય.

નવી પોલીસી અંતર્ગત શિક્ષણના માળખામાં મોટો બદલાવ આવી રહ્યો છે. અત્યારનું માળખું ૫+૩+૨+૨ છે. એટલે કે નિમ્નપ્રાથમિકના પાંચ વર્ષ, ઉચ્ચપ્રાથમિકના ત્રણ વર્ષ, માધ્યમિક બે વર્ષ અને ઉચ્ચતર માધ્યમિક બે વર્ષ. એટલે કે ધો.૧ થી ૫, ૬ થી ૮, ૯-૧૦ અને ૧૧-૧૨. તેના બદલે હવે નવી પોલીસીમાં ૫+૩+૩+૪. જેમાં પૂર્વપ્રાથમિક એટલે બાલવાટિકાના ત્રણ વર્ષ અને પ્રાથમિક શાળાના બે વર્ષ, પછી ધો.૩ થી ૫, ૬ થી ૮ અને ૯ થી ૧૨. નવી પોલીસીમાં બાલવાટિકા રૂપે ત્રણ વર્ષ ઉમેરવામાં આવ્યા છે. જેની તમામ સગવડ અને ખર્ચ સરકારે કરવાનો છે. જેમાં મધ્યાહ્ન ભોજન યોજના, નવા શિક્ષકો, ઓરડાઓ, આરોગ્ય માટેની દવાઓ વગેરે. અત્યારના શાળા શિક્ષણમાં કુલ ૧૨ વર્ષ છે તેના બદલે હવે કુલ ૧૫ વર્ષ થશે, ત્રણ વર્ષ વધી જાય છે. જેથી

અત્યારે શાળા શિક્ષણ પાછળ થતા ખર્ચમાં ૨૫ ટકા જેટલો વધારો થશે. અહી એક બાજુ વિદ્યાર્થી સંખ્યા વધે છે, પણ સરકાર બજેટ ઘટાડે છે. જેથી સરકારની નિયત પર લોકોને શંકા જાય તે સ્વાભાવિક છે.

છેલ્લા આંકડા મુજબ આજે પણ ભારતમાં ૩.૨૨ કરોડ બાળકો શાળામાં આવતા નથી. આજે ધો.૦૧ માં જેટલાં બાળકો પ્રવેશ લે છે તેમાંથી ૫૬.૫ ટકા બાળકો જ ધોરણ ૧૨ સુધી જાય છે. આ આંકડો પણ વધારવાનો છે. સાથે જ એક સંશોધન મુજબ અત્યારે લગભગ ૦૫ કરોડ, હા, ૦૫ કરોડ જેટલાં બાળકો ધો.૦૮ પાસ કરે છે, પણ તેને સારી રીતે લખતા વાંચતા આવડતું નથી. અહી પણ ગુણવત્તાની રીતે સુધારો કરવાનો છે. ત્યારે સરકાર વગર ખર્ચે આ કરશે કેવી રીતે ? કે પછી જેમ ચાલે છે તેમ ચાલવા દેશે? કોરોનાએ આપણ સૌને ઓનલાઈન એજ્યુકેશન લેતા અને આપતા શીખવી દીધું છે, ત્યારે ડિજીટલ એજ્યુકેશન જે વિદેશમાં ઘણાં સમયથી ચાલે છે, તેને આપણે અપનાવવું પડશે. જે માટે વિશેષ ભંડોળની જરૂર હતી. શિક્ષણમાં જરૂરી સુવિધાઓ ઊભી કર્યા વગર ગુણવત્તા નહિ લાવી શકીએ. અને સુવિધા ઊભી કરવા પૈસા જોઇશે, જે પૈસા આપવા સરકાર તૈયાર નથી. તો ગુણવત્તા આવશે કેવી રીતે?

મોટાભાગના લોકો એમ સમજે છે કે, શિક્ષણમાં મકાનો, શિક્ષકોના પગાર અને પાઠ્યપુસ્તકનો જ ખર્ચ થાય છે. તો ના. તે સિવાય પણ ઘણાં મોટા ખર્ચ શિક્ષણમાં કરવા પડે છે જેમકે, શૈક્ષણિક સાધનો. (આજના વિદ્યાર્થીને હવે ચાર્ટ, ચિત્રો, બ્લેક બોર્ડ પસંદ નથી, તેને તો આધુનિક સાધનો ગમે છે), મધ્યાહન યોજના, શિક્ષકોને તાલીમ, પછાત વર્ગોને સહાય, સંશોધનો, યું.જી.સી.ની ગ્રાન્ટ, નવા છાત્રાલયો, આશ્રમશાળાઓ,દિવ્યાંગ કે અન્ય બાળકો માટે સમાવેશક શિક્ષણ વગેરે. આવા તો અનેકાનેક ખર્ચા સરકારે કરવા પડશે. આ ખર્ચમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. ત્યારે સરકાર શિક્ષણ પાચલ બજેટ ઘટાડે તે કેટલું યોગ્ય છે?

સરકાર પાસે બજેટ સરળતાથી વધારી શકાય તે માટે એક ઉપાય પણ છે. બે વર્ષ પહેલા એક ન્યુઝ ચેનલે સર્વે કર્યો હતો. જેમાંથઈ જાણવા મળ્યું હતું કે, ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓ પાસેથી વર્ષે ૭,૫૦૦ કરોડ રૂપિયા ફી ઉઘરાવે છે. તે જ રીતે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી બે લાખ કરોડ રૂપિયા ફી ઉઘરાવે છે. આ આંકડો કુલ ૧૦ લાખ કરોડ જેટલો થાય છે. અહી વાચકો ખાસ વિચારે કે, ભારત સરકારનું શિક્ષણનું બજેટ એક લાખ કરોડ કરતા પણ ઓછું છે, બીજી બાજુ તેનાથી દસ ગણી ફી ૧૦ લાખ કરોડ ખાનગી સંસ્થાઓ ઉઘરાવે છે. આ બાબતને ધ્યાનમાં લઈને સરકાર કોઈ ચોક્કસ વ્યૂહરચના કરે તો સરકારને એક લાખ કરોડ રૂપિયા સરળતાથી મળે. એ એક લાખ કરોડ શિક્ષણના બજેટમાં ઉમેરવામાં આવે તો શિક્ષણનું બજેટ જે આપણે જીડીપીના ૦૬ ટકા કરવા ઈચ્છીએ છીએ તે ૦૬ નહિ પણ ૦૪ ટકા થઇ જાય. પછી સરકાર અને સમાજ જેટલું ધારે તેટલું શિક્ષણમાં ખર્ચ કરીને સરળતાથી વિશ્વાસ સાથે શિક્ષણમાં ગુણવત્તા વધારી શકે.

શિક્ષણમાં ગુણવત્તા      સુધી સરકારે જે બજેટ ફાળવ્યું છે, તેટલા બજેટમાં જેટલી ગુણવત્તા વધવી જોઈએ કે વિકાસ થવો જોઈએ તે નહિ થવાના મુખ્ય ત્રણ કારણો છે. જો આ ત્રણ કારણો દૂર કરવામાં આવે તો પણ સામાન્ય સંતોષ લઇ શકાય તેવું કામ થશે. આ ત્રણ કારણોમાં બે કારણોમાં સરકારની નબળાઈ છે અને એક કારણમાં સમાજ કે સંસ્થાની નબળાઈ છે. પ્રથમ કારણ, સરકાર તરફથી સમયસર પૈસા આવતા નથી. જેથી જે કામ હાથ પર લીધું હોય તેનો ખર્ચ વધી જાય છે, ક્યારેક કામ અધૂરા રહે છે. બીજું કારણ છે    – સરકાર પૈસા આપે તો પૂરતા ના આપે. જેથી કોઈ નવું કામ હાથ પર લેવું હોય તો લઇ શકાતું નથી. ત્રીજા કારણ માટે સંસ્થા જવાબદાર છે તેમાં સરકાર પૈસા આપે પણ સંસ્થાઓ વાપરે નહિ અથવા તો ખોટી જગ્યાએ વાપરે.

**અશોકી** : કેન્દ્ર સરકાર શિક્ષણની નવી પોલીસી લાવ્યા. નવા નવા લક્ષ્યાંકો નક્કી કર્યા. પણ બજેટમાં ઘટાડો કર્યો. જે સરકારની ઈચ્છા અને નિષ્ઠા પર સવાલો ઊભા કરે છે. સરકાર માટે શિક્ષણનો અગ્રતા ક્રમ નીચે છે એ આ બજેટે સાબિત કર્યું.  સરકારે લોકોને વિશ્વાસ બેસે તેવું કરવાનું છે, નહિ કે વિશ્વાસ ઊઠી જાય એવું.